Monday
13.04.2026
✳Volume :10 ✳ Issue No.276
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે પ્રખ્યાત ગાયિકા આશા ભોંસલેજીના નિધન પર તેમના પરિવારના સભ્યો અને અસંખ્ય પ્રશંસકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યકત કરી

સંગીતની દરેક શૈલીમાં અનુકૂલન સાધવાની તેમની અનન્ય ક્ષમતાએ સાંભળનારા તમામના દિલ જીતી લીધા હતા

આશા તાઈના વર્તનની લાક્ષણિકતા એવી સરળતા અને ઉષ્મા તેમના અવાજની કોમળતા જેટલી જ ગહન હતી

કમલમ્,
કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહેપ્રખ્યાત ગાયિકા આશા ભોંસલેજીના નિધન પર તેમના પરિવારના સભ્યો અને અસંખ્યપ્રશંસકોપ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. Xપ્લેટફોર્મ પર એક પોસ્ટમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યુંહતું કે આજે દરેક ભારતીય માટે—ખાસ કરીનેમારા જેવા દરેકસંગીત પ્રેમી માટે—એક દુ:ખદ દિવસ છે, કારણ કે આપણી પ્રિય આશા ભોંસલેજી હવે આપણી વચ્ચે નથી રહ્યા. તેમણે કહ્યું કે આશા તાઈએ માત્ર તેમના મધુર અવાજ અને અતુલનીય પ્રતિભા દ્વારા પોતાની એક અલગ ઓળખ જ નથી બનાવી પરંતુ તેમના સંગીતના સૂરોથી ભારતીય સંગીતને વધુ સમૃદ્ધ પણ બનાવ્યું છે. તેમણે કહ્યું કે સંગીતની દરેક શૈલીમાં અનુકૂલન સાધવાની તેમની અનન્ય ક્ષમતાએ સાંભળનારા તમામના દિલ જીતી લીધા હતા. શ્રી શાહે કહ્યું કે પોતાના અવાજથી કરોડો હૃદયોને સ્પર્શીને, આશાજીએ હિન્દી, મરાઠી, બંગાળી, તમિલ અને ગુજરાતી સહિત અસંખ્ય ભાષાઓમાં—તેમજ લોકસંગીતના ક્ષેત્રમાં એક અમીટ છાપ છોડી છે. તેમણે કહ્યું કે આશા તાઈના વર્તનની લાક્ષણિકતા એવી સરળતા અને ઉષ્મા તેમના અવાજની કોમળતા જેટલી જ ગહન હતી. તેમણે કહ્યું કે જ્યારે પણ અમે મળતા, ત્યારે અમે સંગીત અને કલા જેવા અનેક વિષયો પર લાંબી વાતચીત કરતા. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે જોકે તે આજે આપણી વચ્ચે નથી, પરંતુ તે તેમના અવાજ દ્વારા હંમેશા આપણા હૃદયમાં રહેશે. હું તેમના પરિવાર અને તેમના અસંખ્ય પ્રશંસકો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. ઓમ શાંતિ, શાંતિ, શાંતિ.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં વન વિભાગની ચિંતન શિબિરનું સમાપન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલા પર્યાવરણ સંરક્ષણ-સંવર્ધનના વિવિધ અભિયાનોના પરિણામે છેલ્લા ૧૨ વર્ષમાં રાજ્યમાં વન વિસ્તાર બહારના વૃક્ષોની સંખ્યામાં ૪૭ ટકાનો વધારો થયો: - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

બંઝર જમીનમાં ટેકનોલોજીના ઉપયોગ દ્વારા વૃક્ષારોપણ કરી ગ્રીન કવર વધારવા વન અધિકારીઓને આહવાન કરતાં મુખ્યમંત્રીશ્રી



ગુજરાતમાં નર્સરી કલ્ચરને પ્રાધાન્ય આપીને ગ્રીન કવર વધારવા વિવિધ જિલ્લાઓમાં ૮ થી ૧૦ હાઇટેક નર્સરી તૈયાર કરવાનું આયોજન- વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયા

ગુડ ગવર્નન્સ માટે સતત ચિંતન જરૂરી છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં વન વિભાગની બે દિવસીય ચિંતન શિબિરના સમાપન અવસરે જણાવ્યુ કે, ગુડ ગવર્નન્સ માટે સતત ચિંતન કરવું અત્યંત જરૂરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટેકનોલોજીના માધ્યમથી ગુડ ગવર્નન્સની એક નવી દિશા આપી છે. તેમણે ટેક્નોલોજીનો વધુમાં વધુ ઉપયોગ કરી નાગરિકોને સરળ અને ઝડપી સેવા દ્વારા સુશાસનનો માર્ગ દર્શાવ્યો હોવાનું મુખ્યમંત્રી શ્રીએ જણાવ્યું હતું. વડાપ્રધાનશ્રીના 'બેકટુ બેઝિક, બેક ટુ નેચર અને મિશન લાઈફ'ના મંત્રનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, જીવનશૈલીમાં પર્યાવરણને મુખ્ય સ્થાન આપીને જીવનશૈલી પર્યાવરણલક્ષી લાઈફ સ્ટાઈલની આવશ્યકતા સમજાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગ્રીન કવર વધારીને જ ગ્લોબલ વોર્મિંગની વિનાશક અસરોમાંથી પોતાને અને આવનારી પેઢીઓને બચાવી શકાશે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, પર્યાવરણ સંરક્ષણ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'એક પેડ માં કે નામ' જેવા અભિયાનોની શરૂઆત કરાવી છે. આવા પર્યાવરણલક્ષી અભિયાનોના સકારાત્મક પરિણામોથી છેલ્લા ૧૨ વર્ષમાં રાજ્યમાં વન વિસ્તાર બહારના વૃક્ષોની સંખ્યામાં ૪૭ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. મુખ્યમંત્રીશ્રીએ ટેકનોલોજીના ઉપયોગદ્વારા બંઝર જમીનમાં વધુને વધુ વૃક્ષો વાવીને રાજ્યને હરિયાળું બનાવવા પણ આહવાન કર્યુ હતું. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીના અવિરત પ્રયાસો અને દિશાદર્શનના કારણે નાગરિકોમાં પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ આવી છે. વૃક્ષારોપણ, પાણી સંરક્ષણ અને પર્યાવરણ જાળવણીના કાર્યોમાં જનભાગીદારી વધી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા વિકસિત ભારતના સંકલ્પમાં વનવિભાગના પ્રયાસથી પર્યાવરણ સુરક્ષા સાથે ગુજરાત અગ્રેસર બનીને લીડ લેશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં વર્ષ ૨૦૦૩માં સૌ પ્રથમ વન વિભાગની ચિંતન શિબિર યોજાઈ હતી ત્યારબાદ આ બીજી ચિંતન શિબિર છે. આ બે દિવસીય ચિંતન શિબિરમાં વન વિભાગ અધિકારીઓમાં સમાયેલી કાર્ય શક્તિ અને આગવી ટેલેન્ટ જોવા મળી છે. આ ચિંતન શિબિરમાં વન વિભાગના વિકાસ માટે જે ચિંતન અને મંથન થયું છે તેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આગળ વધારીશું. મંત્રી શ્રી મોઢવાડિયાએ કહ્યું કે,વન વિભાગ અધિકારીઓએ વનની જમીન માલિકીપણાના ભાવે સાથે સાચવી રાખી છે જે વનના વિકાસ માટે જરૂરી છે. સૌથી વધુ દરિયા કિનારો ધરાવતા ગુજરાતે ઉદ્યોગોના વિકાસની વચ્ચે દરિયા કિનારે મેન્ગ્રુવના જંગલોમાં પણ વધારો કર્યો છે. ગુજરાતમાં નર્સરી કલ્ચરને પ્રાધાન્યઆપીને ગ્રીન કવર વધારવા માટે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં વિવિધ જિલ્લાઓમાં ૮ થી ૧૦ હાઈ ટેક નર્સરી તૈયાર કરવાનું આયોજન છે. જેમાં એગ્રો, હોર્ટિકલ્ચર અને વન વિભાગ એમ ત્રણ પ્રકારે મોટા છોડ સાથેની નર્સરી તૈયાર કરવામાં આવશે જેથી વૃક્ષ જીવંત રહેવાનું પ્રમાણ વધી જશે. આ ઉપરાંત ગુજરાતમાં ઈકો ટુરીઝમની અપાર સંભાવનાઓ છે જેને વધુ બળ આપવામાં આવશે. આવનારા સમયમાં ભાવી પેઢી માટે ગુજરાતમાં વધુને વધુ ગ્રીન કવર તૈયાર કરીને વડાપ્રધાનશ્રીના 'વિકસિત ગુજરાતથી, વિકસિત ભારત'૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા મંત્રીશ્રીએ અધિકારીઓની આહ્વાન કર્યું હતું. મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શરૂ કરેલી 'ચિંતન શિબિર'ના આજે રાજ્યને સફળ પરિણામો મળી રહ્યાં છે. આવી ચિંતનશિબિરના આયોજનથી નીતિ નિર્ધારકો અને જમીની સ્તરે પર કામ કરતા વહીવટી તંત્ર વચ્ચે સીધો સંવાદ શક્ય બન્યો છે. તેમણે રાજ્યમાં વન્યજીવોના સંરક્ષણની સફળતા અંગે ગૌરવ વ્યક્ત કરતા કહ્યું હતું કે, વન વિભાગના પ્રો એક્ટિવ એપ્રોચના પરિણામે ગુજરાતમાં સિંહોની સંખ્યા સતત વધી રહી છે. તદુપરાંત, રાજ્યમાં વાઘ અને ચિત્તાના આગમન સાથે વન્યજીવ સૃષ્ટિ પણ વધુ સમૃદ્ધ બની રહી છે. પર્યાવરણ અને વિકાસના સંતુલન પર ભાર મૂકતા મુખ્ય સચિવશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, વિકાસ અને પર્યાવરણ એકબીજાના વિરોધી નહીં પરંતુ પૂરક છે અને ટેકનોલોજીના માધ્યમથી આ બંને વચ્ચે સંતુલન જાળવવું એ આજના સમયનો મુખ્ય પડકાર છે. હાલમાં રાજ્યનો કુલ વન વિસ્તાર ૧૧ ટકા છે, જેને વધારીને ૧૩ ટકા સુધી લઈ જવા તેમણે સૌને આહ્વાન કર્યું હતું. આ લક્ષ્યને હાંસલ કરવા માટે ટેકનોલોજી અને આધુનિક વ્યવસ્થાપન પદ્ધતિઓનો ઉપયોગ કરવા માટે પણ તેમણે તાકીદ કરી હતી. કાર્યક્રમના પ્રારંભે વન વિભાગના અગ્ર સચિવ શ્રી વિનોદ રાવે સૌનું શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યું હતું કે, આ ચિંતન શિબિર છેલ્લા બે મહિનાની સઘન તૈયારીઓનું પરિણામ છે, જેમાં પાંચ ગ્રુપ દ્વારા વન વિકાસ અને વ્યવસ્થાપન, વન્યજીવ, સામાજિક વનીકરણ,આજીવિકા અને સંસ્થાકીય સુદ્રઢીકરણ જેવા મહત્વના પાંચ વિષયો પર ગહન ચર્ચા-વિચારણા કરી છે. આ શિબિરના તારણ રૂપે ૧૦ મહત્વપૂર્ણ સૂચનો રજૂ કરવામાં આવ્યા છે, જેનો ઉલ્લેખ કરતા અગ્ર સચિવશ્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં વધારાના એક લાખ હેક્ટરમાં મેન્ગ્રોવ્સ અને એક લાખ હેક્ટર વિસ્તારમાં ગ્રાસલેન્ડ વિકસાવવા ઉપરાંત આગામી બે વર્ષમાં બાકી રહેલા જિલ્લાઓમાં સાંસ્કૃતિક વન તૈયાર કરવાની નેમ વ્યક્ત કરવામાં આવી છે. વધુમાં, વનીકરણના સફળ મોડલ એવા 'વન કવચ'ને વર્ષ ૨૦૩૫ સુધીમાં ૧૦ થી ૧૫ હજાર ગ્રામ પંચાયતો સુધી લઈ જવાનું અને પીપીપી મોડલ દ્વારા ઈકો ટુરિઝમ પોલિસી અમલી બનાવી લોકોની આજીવિકા વધારવાનું આયોજન છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં વન વિભાગ તમામ સૂચનો પર કામ કરીને આગામી સમયમાં પરિણામલક્ષી કામગીરી કરશે. કાર્યક્રમના અંતે વન વિભાગના વડા અને અગ્ર મુખ્ય વન સંરક્ષક ડૉ. જયપાલ સિંઘે આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં વન રાજ્ય મંત્રી શ્રી પ્રવિણભાઈ માળી, ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. એ. પી. સિંઘ સહિત વન અને પર્યાવરણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કૂનો નેશનલ પાર્કમાં ભારતમાં જન્મેલી માદા ચિત્તાએ જંગલમાં ચાર બચ્ચાને જન્મ આપ્યો, ભારતની ચિત્તા સંરક્ષણ યાત્રામાં એક ઐતિહાસિક ક્ષણ: શ્રી ભૂપેન્દ્ર યાદવ

કમલમ્,
કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે ભારતની ચિત્તા સંરક્ષણ યાત્રામાં એક ઐતિહાસિક સીમાચિહ્નને વધાવ્યું હતું, કારણ કે મધ્યપ્રદેશના કૂનો નેશનલ પાર્કમાં ગામિનીની ભારતમાં જન્મેલી માદા ચિત્તા - KGP12, જે ગામિનીના પ્રથમ લિટરનું (વેતરનું) બીજું બચ્ચું છે અને જેની ઉંમર ૨૫ મહિના છે - તેણે જંગલમાં ચાર બચ્ચાને જન્મ આપ્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી યાદવે આ ગતિવિધિને કૂનો નેશનલ પાર્ક અને દેશના વન્યજીવન સંરક્ષણ પ્રયાસો માટે "સીમાચિહ્નરૂપ ક્ષણ" ગણાવી હતી. તેમણે નોંધ્યું હતું કે ગામિનીની ભારતમાં જન્મેલી માદા ચિત્તા, જે એક વર્ષથી વધુ સમયથી જંગલમાં છે, તેણે કુદરતી પરિસ્થિતિઓમાં ચાર બચ્ચાને સફળતાપૂર્વક જન્મ આપ્યો છે, જે ચિત્તા પુનઃસ્થાપન કાર્યક્રમમાં એક મોટું પગલું છે. કેન્દ્રીય મંત્રીએ હાઈલાઈટ કર્યું હતું કે ૨૦૨૨માં ચિત્તા પુનઃસ્થાપન શરૂ થયા પછી જંગલમાં નોંધાયેલ આ પ્રથમ જન્મ છે, અને નોંધપાત્ર રીતે, ભારતમાં જન્મેલી માદા ચિત્તા સાથે સંકળાયેલી આ પ્રથમ ઘટના છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ગતિવિધિ પ્રોજેક્ટના મુખ્ય ઉદ્દેશ્યો હાંસલ કરવામાં મોટી સિદ્ધિ દર્શાવે છે—જે ભારતમાં કુદરતી પરિસ્થિતિઓમાં ચિત્તાઓના અસ્તિત્વ અને સંવર્ધનને સુનિશ્ચિત કરે છે. શ્રી યાદવે જણાવ્યું હતું કે આ સિદ્ધિ ભારતીય ઈકોલૉજીકલ (પારિસ્થિતિક) પરિસ્થિતિઓમાં ચિત્તાઓના વધતા અનુકૂલનને પ્રતિબિંબિત કરે છે અને કૂનો નેશનલ પાર્ક ખાતે સતત સંરક્ષણ અને વૈજ્ઞાનિક સંચાલન પ્રયાસોની સફળતા દર્શાવે છે. કેન્દ્રીય મંત્રીએ ચિત્તા સંરક્ષણ કાર્યક્રમમાં સામેલ વન્યજીવ પ્રબંધકો, પશુચિકિત્સકો અને ફિલ્ડ સ્ટાફના સમર્પણ અને અથાક પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી. તેમણે આ ગતિવિધિને રાષ્ટ્ર માટે ગૌરવની ક્ષણ ગણાવી હતી અને આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા તમામ લોકોને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

કચ્છના જાણીતા "રોડ ટુ હેવન" ની બંને બાજુએ 'કચ્છ રણ વન્યપ્રાણી અભયારણ્ય' આવેલું છે. આ વિસ્તારમાં વન્યજીવો અને પ્રાકૃતિક સંસાધનોનું સંરક્ષણ કરવું ખૂબ આવશ્યક છે. ડ્રોન દ્વારા કરવામાં આવતા શૂટિંગથી વન્યજીવોના સ્વાભાવિક વર્તનમાં વિક્ષેપ પડે છે. આ બાબતને ગંભીરતાથી લઈને, આ અભયારણ્ય વિસ્તારમાં ડ્રોન શૂટિંગ કરવું એ 'વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨' હેઠળ સજાપાત્ર ગુનો બને છે. વધુમાં, આ વિસ્તાર સીમા સુરક્ષા દળ (BSF) ની હદની નજીક આવેલો હોવાથી, સુરક્ષાના કારણોસર પણ તે 'ડ્રોન પ્રતિબંધિત વિસ્તાર' (No Drone Zone) માં આવે છે. જાહેર જનતાની જાણકારી માટે આ વિસ્તારમાં વિવિધ સાઈન બોર્ડ પણ લગાવવામાં આવ્યા છે. આમ, વન વિભાગ દ્વારા તમામ નાગરિકો અને પ્રવાસીઓને વિનંતી કરવામાં આવે છે કે કોઈપણ વ્યક્તિએ "રોડ ટુ હેવન" વિસ્તારમાં ડ્રોન ઉડાડવું નહીં કે ડ્રોનથી શૂટિંગ કરવું નહીં. વન્યજીવો અને પર્યાવરણના રક્ષણ માટે આ નિયમનું ચુસ્તપણે પાલન કરી વન વિભાગને સહકાર આપવા સૌને અનુરોધ છે. આ સૂચનાઓનું ઉલ્લંઘન કરી ડ્રોન ઉડાડનાર કોઈપણ વ્યક્તિ સામે વન વિભાગ દ્વારા કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ કચ્છ વન વિભાગ, રાપર ઉત્તર વાઈલ્ડ લાઈફ રેન્જના રેન્જ ફોરેસ્ટ ઓફિસર દ્વારા જણાવાયું છે.

ઉપરાષ્ટ્રપતિ શ્રી સી.પી. રાધાકૃષ્ણને સિંધી ભાષામાં ભારતના બંધારણનું વિમોચન કર્યું

સિંધી સંસ્કરણના વિમોચન સમારોહમાં ઉપરાષ્ટ્રપતિએ ભારતીય ભાષાઓમાં બંધારણ ઉપલબ્ધ કરાવવાના પ્રયાસોની પ્રશંસા કરી

કમલમ્,

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી સી.પી. રાધાકૃષ્ણને આજે ઉપરાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત એક સમારોહમાં સિંધી ભાષામાં - દેવનાગરી અને ફારસી બંને લિપિઓમાં - ભારતના બંધારણના નવીનતમ સંસ્કરણનું વિમોચન કર્યું હતું. ઉપસ્થિત લોકોને સંબોધતા, ઉપરાષ્ટ્રપતિએ સિંધી ભાષા દિવસ નિમિત્તે સિંધી ભાષી સમુદાયને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે સિંધીને સૌથી પ્રાચીન અને મધુર ભાષાઓમાંની એક ગણાવી અને કહ્યું કે તેની સાહિત્યિક પરંપરા વેદાંત ફિલસૂફી અને સૂફી વિચારના અનોખા સંગમને પ્રતિબિંબિત કરે છે, જે એકતા, પ્રેમ અને ભાઈચારો જેવા સાર્વત્રિક મૂલ્યોને પ્રોત્સાહન આપે છે. આ પ્રસંગના મહત્વ પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે સ્વતંત્રતા પછી પહેલીવાર સિંધી ભાષામાં બંધારણનું પ્રકાશન - ખાસ કરીને દેવનાગરી લિપિમાં - ભાષાકીય સમાવેશને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તેમણે ભાર મૂક્યો કે બંધારણ માત્ર એક કાનૂની દસ્તાવેજ નથી, પરંતુ રાષ્ટ્રનો જીવંત આત્મા છે; તે રાષ્ટ્રની આકાંક્ષાઓને મૂર્તિમંત કરે છે, નાગરિકોના અધિકારોનું રક્ષણ કરે છે અને લોકશાહી શાસનનું માર્ગદર્શન આપે છે. ઉપરાષ્ટ્રપતિએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સરકાર દ્વારા બંધારણને અનેક ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવાના પ્રયાસોની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આવી પહેલ નાગરિકો અને શાસન વચ્ચેના અંતરને દૂર કરવામાં મદદ કરે છે, કારણ કે તે લોકોને તેમની માતૃભાષામાં બંધારણ સમજવામાં સક્ષમ બનાવે છે, લોકશાહી ભાગીદારી અને વિશ્વાસને મજબૂત બનાવે છે. તેમણે કહ્યું કે ભારત તેના બંધારણને આટલી વિશાળ શ્રેણીની ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવામાં અનોખું છે. તેમણે તાજેતરના વર્ષોમાં હાથ ધરવામાં આવેલી અન્ય સમાન પહેલોનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં બોડો, ડોગરી, સંથાલી, તમિલ, ગુજરાતી અને નેપાળીમાં અનુવાદનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે આ પ્રયાસો ભારતની ભાષાકીય વિવિધતાની ઉજવણી કરે છે અને લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવે છે. સિંધી સમુદાયની ઐતિહાસિક યાત્રા પર પ્રકાશ પાડતા, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ભાગલા પછીના મુશ્કેલ સમયગાળા દરમિયાન ભાષા સ્થિતિસ્થાપકતા અને એકતાના પ્રતીક તરીકે ઉભરી આવી હતી. તેમણે યાદ કર્યું કે ૧૯૬૭માં ૨૧મા બંધારણીય સુધારા દ્વારા સિંધી ભાષાને બંધારણની આઠમી અનુસૂચિમાં સમાવવામાં આવી હતી; જેના દ્વારા તેના સાંસ્કૃતિક મહત્વને માન્યતા આપવામાં આવી હતી અને ભવિષ્યની પેઢીઓ માટે તેનું સંરક્ષણ સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. બધી ભાષાઓનું સન્માન કરવાના મહત્વ પર ભાર મૂકતા તેમણે કહ્યું કે જ્યારે દરેક વ્યક્તિને પોતાની માતૃભાષા વહાલી લાગે છે, ત્યારે બધી ભાષાઓને સમાન આદર આપવો જોઈએ. તેમણે ભાર મૂક્યો કે ભારતની તાકાત તેની વિવિધતામાં રહેલી છે અને ભાષાઓ સંસ્કૃતિ, પરંપરા અને ઓળખના મહત્વપૂર્ણ વાહક છે. ઉપરાષ્ટ્રપતિએ કાયદા અને ન્યાય મંત્રાલય, ખાસ કરીને પ્રાદેશિક ભાષા અધિકારીઓના, બંધારણને પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવાના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આવી પહેલ નાગરિકોને સશક્ત બનાવશે અને ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના વિઝનને મજબૂત બનાવવામાં ફાળો આપશે. તેમણે નાગરિકોને તેમની માતૃભાષા તેમજ રાષ્ટ્રના સામૂહિક ભાષાકીય વારસાની ઉજવણી કરવાનો આગ્રહ કરતા પોતાના સંબોધનનું સમાપન કર્યું અને 'વિવિધતામાં એકતા'ની ભાવના અને "રાષ્ટ્ર પ્રથમ"ના માર્ગદર્શક સિદ્ધાંતનો પુનરાવર્તિત કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત ડિજિટલ કલાકારોમાં કાયદા અને ન્યાય અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી શ્રી અર્જુન રામ મેઘવાલ; રાજસ્થાન વિધાનસભાના અધ્યક્ષ શ્રી વાસુદેવ દેવનાની; લોકસભાના સંસદ સભ્ય શ્રી શંકર લાલવાણી; અને કાયદા વિભાગના સચિવ ડૉ. રાજીવ મણિ સહિત અન્ય પ્રતિષ્ઠિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે સજ્જ થતો પોલિંગ સ્ટાફ

વિસાવદર ખાતે ૪૯૮ પ્રિસાઈડિંગ અને પોલિંગ ઓફિસરની પ્રથમ તાલીમ યોજાઈ

કમલમ્, જૂનાગઢ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને આજે વિસાવદર ખાતેની નગર પંચાયત હાઈસ્કૂલ ખાતે પોલિંગ સ્ટાફની પ્રથમ તાલીમ યોજાઈ હતી. જેમાં ૪૯૮ પ્રિસાઈડિંગ અને પોલિંગ ઓફિસરને ચૂંટણીલક્ષી જરૂરી તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં અધિકારી- કર્મચારીઓને મતદાન મથક પર હાથ ધરવાની થતી મતદાન પ્રક્રિયા ઉપરાંત ઈવીએમ સંલગ્ન જુદી જુદી પ્રેક્ટીકલ બાબતોને આવરી લઈ, માસ્ટર ટ્રેનર દ્વારા વિગતવાર તાલીમ આપી ચૂંટણી સ્ટાફને મતદાન માટે સજ્જ કરવામાં આવ્યો હતો. ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી શ્રી ચિરાગ હિરવાણીયાએ પણ તાલીમનું નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે તા. ૨૬ એપ્રિલના રોજ મતદાન થનાર છે, આ માટે ચૂંટણી તંત્ર દ્વારા જરૂરી તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી છે.

અમદાવાદમાં મતાધિકાર જાગૃતિ માટે 'સ્વેપ' અભિયાનમાં ૧૯૦૦ શાળાઓના ૧.૫ લાખ વિદ્યાર્થીઓ જોડાયા

શિક્ષણ વિભાગની સરાહનીય પહેલ હેઠળ શતાયુ મતદારો અને યુવાઓ સાથે અમદાવાદમાં ગુંજશે ૧૦૦% મતદાનનો નાદ

'સ્વેપ' અભિયાનમાં ચિત્ર સ્પર્ધા, સાયકલ રેલી અને સિગ્નેચર કેમ્પિયન દ્વારા જનજાગૃતિનો પ્રયાસ

કમલમ્,

અમદાવાદમાં આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા એક વિશેષ જનજાગૃતિ મુહિમ છેડવામાં આવી છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી અને 'સ્વેપ' (Systematic VOers' Awareness Plan) નોડલ અધિકારી શ્રી આર. એમ. ચૌધરીના સીધા માર્ગદર્શન હેઠળ શહેરની લગભગ ૧૯૦૦ શાળાઓમાં અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧.૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ ચિત્ર અને નિબંધ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો છે. આ અભિયાન અંતર્ગત અમદાવાદની અનેક અગ્રણી શાળાઓમાં સાયકલ રેલી, સેલ્ફી પોઈન્ટ અને સિગ્નેચર કેમ્પિયન જેવા કાર્યક્રમો યોજાયા હતા. આ મુહિમનું મુખ્ય આકર્ષણ NCC, NSS અને સ્કાઉટના વિદ્યાર્થીઓ છે, જેઓ પોતાના વિસ્તારના 'શતાયુ મતદારો' (૧૦૦ વર્ષથી વધુ વયના) કે જેમણે અત્યાર સુધીની તમામ ચૂંટણીઓમાં અચૂક મતદાન કર્યું છે, તેમનો સંપર્ક કરી તેમનો પ્રેરણાદાયી સંદેશ જન-જન સુધી પહોંચાડશે. આગામી દિવસોમાં વિદ્યાર્થીઓ દ્વારા વાલીઓને મતદાન માટે ખાસ મેસેજ કરવા અને નવા યુવા મતદારોને લોકશાહીના આ પર્વમાં જોડવા માટે સઘન આયોજન કરવામાં આવ્યું છે. 'શિક્ષિત મતદાતા, સચેત મતદાતા' અને 'મારો મત, મારી તાકાત' જેવા સૂત્રો સાથે વિદ્યાર્થીઓએ પોસ્ટર રેલી યોજી તા. ૨૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ થનાર મતદાનમાં સૌને સહભાગી થવા અપીલ કરી હતી. કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ શત-પ્રતિશત મતદાન કરવાના સામૂહિક શપથ લીધા હતા. આ પ્રસંગે શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી, શિક્ષણ વિભાગે શાળાઓના માધ્યમથી ઘરે-ઘરે લોકશાહીના આ મહાપર્વનો સંદેશ પહોંચાડી રાષ્ટ્રનિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે.

આહવા તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પોલિંગ સ્ટાફને તાલીમ અપાઈ

કમલમ્, આહવા

જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા આહવા ખાતે બે દિવસીય ચૂંટણીલક્ષી પ્રથમ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આહવા તાલુકામાં મતદાન મથક પર ફરજ બજાવનાર પોલિંગ સ્ટાફ માટે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માસ્ટર ટ્રેનરો તેમજ આઈ.ટી.આઈના ટ્રેનરો દ્વારા ચૂંટણી સાથે જોડાયેલ પ્રિસાઈડિંગ ઓફિસર તેમજ પોલિંગ ઓફિસર તરીકે નિયુક્ત કર્મચારીઓને ચૂંટણી પ્રક્રિયા અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમમાં આશરે ૯૫૦ જેટલાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ તમામે ચૂંટણી સંબંધિત વિવિધ મુદ્દાઓ અંગે માહિતી મેળવી હતી. આ તાલીમ દરમિયાન મતદાન પ્રક્રિયા, ઈ.વી.એમ હેન્ડસ ઓન તાલીમ, ઈ.વી.એમ મશીનનો ઉપયોગ, મતદાન દરમિયાનની જવાબદારીઓ તેમજ આદર્શ આચાર સંહિતાનું પાલન કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમના નોડલ વ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી વિજયભાઈ દેશમુખ જણાવ્યું હતું કે, ચૂંટણી પ્રક્રિયા સુચારુ અને નિષ્પક્ષ રીતે પાર પાડવા માટે આવી તાલીમો અત્યંત મહત્વપૂર્ણ છે અને તમામ કર્મચારીશ્રીઓએ નિષ્ઠાપૂર્વક તાલીમનો લાભ લીધો છે. આ તાલીમ દરમિયાન હિસાબી અધિકારી શ્રી આર.બી.ચૌધરી, આહવા મામલતદાર શ્રી રજની વૈષ્ણવ, મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રી ડૉ.મનીષા મુલતાની, મદદનીશ ખેતીવાડી અધિકારી શ્રી હર્ષદભાઈ પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ડાંગની સરકારી માધ્યમિક શાળા લહાનચર્યા ખાતે મતદાન જાગૃતિ માટે રંગોળી સ્પર્ધાનું આયોજન

કમલમ્, આહવા

ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાન થનાર છે. મતદાનની આ પ્રક્રિયામાં નાગરીકો ઉત્સાહ પૂર્વક ભાગ લઈ લોકશાહીમાં પોતની ભાગીદારી નોંધાવે તે માટે ડાંગ જિલ્લા ચૂંટણી તંત્ર અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જાગૃતિના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ છે. મતદાન જાગૃતિ માટે શાળાઓમાં ચાલતી સ્વીપ પ્રવૃતિ અંતર્ગત તારીખ ૯ એપ્રિલના રોજ ડાંગ જિલ્લાની સરકારી માધ્યમિક શાળા લહાનચર્યા ખાતે રંગોળી સ્પર્ધાનું આયોજનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ 'વોટ ફોર બેટર' અને 'આઓ મતદાન કરે' ના સુત્ર સાથે રંગોળી બનાવી મતદાન અચૂક થી કરવાનો સંદેશો આપ્યો હતો.

ડાંગના મહાલ માધ્યમિક શાળામાં મતદાન જાગૃતિ માટે રંગોળી સ્પર્ધાનું આયોજન

જિલ્લામાં ચાલી રહેલ સ્વીપ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની ઉત્સાહભેર ભાગીદારી

કમલમ્, આહવા

ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાન થનાર છે. આ માટે જિલ્લાના લોકો ઉત્સાહભેર મતદાન પ્રક્રિયામાં ભાગ લઈ મતદાન કરે તે માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા સ્વીપ પ્રવૃતિઓ અંતર્ગત શાળાઓમાં મતદાન જાગૃતિની પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. તાજેતરમાં સ્વીપ પ્રવૃતિ અંતર્ગત મહાલ ખાતે આવેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં મતદાન જાગૃતિ માટે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ મતદાન જાગૃતિ માટે રંગોળી દોરી મતદાનનો સંદેશો આપ્યો હતો. આ ઉપરાંત ડાંગ જિલ્લામાં ચાલી રહેલ સ્વીપ પ્રવૃતિઓમાં પણ શાળાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો સહભાગી થઈ મતદાન જાગૃતિના સંદેશો ફેલાવી રહ્યાં છે. અને લોકોને મતદાન માટે પ્રેરીત કરી રહ્યાં છે.

સ્પેક, ફાર્મસી કોલેજમાં એવોર્ડ કાર્યક્રમનું આયોજન કરાયું

કમલમ્,

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) ખાતે આવેલી સરદાર પટેલ કોલેજ ઓફ ફાર્મસીમાં એવોર્ડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની શૈક્ષણિક તેમજ રમતગમત ક્ષેત્રની ઉત્તમ સિદ્ધિઓની પ્રશંસા કરવા અને તેમને ભવિષ્યમાં વધુ પ્રગતિ માટે પ્રોત્સાહિત કરવાનો હતો. કાર્યક્રમની શરુઆત દીપ પ્રજ્વલનથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી દીપક કે. મોદી (હેડ–QA& QC,AVV Lifescience Pvt. Ltd.) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને ગુણવત્તા, અનુશાસન અને સતત મહેનતથી સફળતા મેળવવા પ્રેરણા આપી હતી. આ પ્રસંગે બી.ફાર્મ અને એમ.ફાર્મના વિવિધ સેમેસ્ટરના વિદ્યાર્થીઓને શૈક્ષણિક શ્રેષ્ઠ સિદ્ધિ બદલ એવોર્ડ અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા ઉપરાંત રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. નેહલ શાહ તથા આઈ.કયુ.એ.સી. કો–ઓર્ડીનેટરશ્રી ડૉ. રાહીલ ભૂરા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનાં સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

સરકારી એન્જિનિયરિંગ કોલેજ ભરૂચ ખાતે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના સંચાલન માટે પોલિંગ ઓફિસરોનો તાલીમ કાર્યક્રમ યોજાયો

કમલમ્, ભરૂચ

સરકારી એન્જિનિયરિંગ કોલેજ ખાતે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં સંકળાયેલા નગરપાલિકાઓના પોલીંગ ઓફિસરોની તાલીમનો કાર્યક્રમ યોજાયો હતો. બે તબક્કામાં અંદાજિત ૬૦૦ જેટલા પોલિંગ ઑફિસર અને આસિસ્ટન્ટ પોલિંગ ઑફિસરોએ તાલીમ મેળવી હતી. આગામી ૨૬ મી એપ્રિલના રોજ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાનાર છે. ત્યારે વહીવટી તંત્ર દ્વારા તેની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સ્થાનિક ચૂંટણીઓ પારદર્શક રીતે યોજાઈ અને ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન મતદારોને કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે માટે સરકારી એન્જિનિયરિંગ કોલેજમાં બે તબક્કામાં ૬૦૦ જેટલા પોલીંગ ઓફિસરો અને આસિસ્ટન્ટ પોલિંગ ઑફિસરનો તાલીમનો કાર્યક્રમ યોજાયો હતો. આ તાલીમમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અન્વયે માસ્ટર ટ્રેનર્સ દ્વારા અધિકારીશ્રીઓને ક્ષતિરહિત માર્ગદર્શિકા પ્રેઝન્ટેશનના માધ્યમથી આપવામાં આવી હતી. પોલિંગ ઓફિસરોને બેલેટ યુનિટ અને કંટ્રોલ યુનિટના જોડાણ, સીલિંગ પ્રક્રિયા અને મોકપોલ (Mock Poll) અંગે પ્રાયોગિક પ્રદર્શન દ્વારા સમજ આપવામાં આવી હતી. મતદાન મથક પર મતદારોની ઓળખ સ્થાપિત કરવી, મતદાર રજિસ્ટર નિભાવવા જેવી મહત્વની જવાબદારીઓ વિશે વિગતવાર માર્ગદર્શન અપાયું હતું. સાથોસાથ પોલિંગ ઑફિસરોને મતદાન મથકે લેવામાં આવનાર તમામ પ્રકારની કામગીરી અને મતદાન માટેના ઈવીએમ મશીનના ઉપયોગ અંગેની લાઈવ ડેમો તાલીમ સાથેની માહિતી પૂરી પાડવામાં આવી હતી. તાલીમ દરમિયાન ઓફિસરોની મૂંઝવણો અને પ્રશ્નોનું તજજ્ઞો દ્વારા સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે, મદદનિશ ચૂંટણી અધિકારીશ્રી, મામલતદારશ્રી તથા ચૂંટણી શાખાના અધિકારીઓ અને માસ્ટર ટ્રેનર્સ ઉપસ્થિત રહ્યા હતા.

Sankalchand Patel University હેઠળ આવેલ નૂતન ફાર્મસી કોલેજની NSS યુનિટ દ્વારા Indian Red Cross Society ના સહયોગથી થેલેસેમિયા ટેસ્ટ તથા અવેરનેસ કાર્યક્રમનું સફળ આયોજન

કમલમ્,

Sankalchand Patel University હેઠળ આવેલ નૂતન ફાર્મસી કોલેજની NSS યુનિટ દ્વારા Indian Red Cross Society ના સહયોગથી થેલેસેમિયા ટેસ્ટ તથા અવેરનેસ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં થેલેસેમિયા જેવી જન્ય (Gen[a]ic) બીમારી વિષે જાગૃતિ લાવવાનો, સમયસર સ્ક્રીનિંગ ટેસ્ટિંગના મહત્વ અંગે સમજણ વિકસાવવાનો અને સમાજમાં આરોગ્યપ્રત્યે જવાબદારીની ભાવના વધારવાનો હતો. કાર્યક્રમ દરમિયાન ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યા હતા. કાર્યક્રમના અવેરનેસ સેશનમાં નિષ્ણાતો દ્વારા થેલેસેમિયા શું છે, તે માતા-પિતાથી બાળકમાં કેવી રીતે ટ્રાન્સફર થાય છે, તેના પ્રકારો, લક્ષણો તેમજ લાંબા ગાળાની સારવાર અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને યુવાનોમાં લગ્ન પહેલાં થેલેસેમિયા ટેસ્ટિંગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું જેથી ભવિષ્યમાં આ બીમારીને અટકાવી શકાય. વિદ્યાર્થીઓને વધુ અસરકારક રીતે સમજાવવા માટે માહિતીપ્રદ વિડિઓ પ્રેઝન્ટેશન પણ દર્શાવવામાં આવ્યું હતું, જેમાં થેલેસેમિયા પીડિત દર્દીઓનું જીવન, તેમની સારવાર પ્રક્રિયા અને સમાજની જવાબદારીને સ્પર્શતા દ્રશ્યો દ્વારા સંદેશ આપવામાં આવ્યો હતો. આ વિડિઓથી વિદ્યાર્થીઓમાં ભાવનાત્મક તેમજ પ્રાયોગિક બંને પ્રકારની સમજણ વિકસાવવામાં મદદ મળી. આ ઉપરાંત કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે ઈન્ટરએક્ટિવ ચર્ચા પણ યોજાઈ હતી, જેમાં તેઓએ પોતાના પ્રશ્નો પૂછ્યા અને નિષ્ણાતો દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિએ વિદ્યાર્થીઓમાં આરોગ્ય વિષયક જાગૃતિ સાથે સાથે સકારાત્મક વલણ પણ વિકસાવ્યું. કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિતિ તરીકે SPU ના NSS કોઓર્ડિનેટર Dr. Rakesh N. Patel, નૂતન ફાર્મસી કોલેજના પ્રિન્સિપાલ Prof.Dr.Rakeshkumar P.Patel તેમજ રેડ ક્રોસ સોસાયટીના પ્રતિનિધિ Mr. Ronak Patel હાજર રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને સંબોધતા આરોગ્ય જાગૃતિના આવા કાર્યક્રમોમાં સક્રિય ભાગ લેવાની પ્રેરણા આપી હતી. કાર્યક્રમનું સફળ સંકલન Mr. Dixit K. Solanki ŒUkk Dr. Khushbu S.Patel દ્વારા કરવામાં આવ્યું હતું, અને NSS સ્વયંસેવકો દ્વારા સમગ્ર આયોજનમાં મહત્વપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો. આવો કાર્યક્રમ માત્ર કોલેજ સુધી મર્યાદિત ન રહી સમાજ સુધી જાગૃતિ ફેલાવવા માટે પ્રેરણારૂપ બની રહ્યો છે. થેલેસેમિયા અંગે યોગ્ય માહિતી અને સમયસર ટેસ્ટિંગ દ્વારા આ બીમારીને મોટા પ્રમાણમાં નિયંત્રિત કરી શકાય છે, જે માટે આવા પ્રયાસો અત્યંત જરૂરી છે.

ઉત્તર ગુજરાત અરવલ્લી વન સંપદા અને પર્યાવરણ ગ્રુપ દ્વારા માઉન્ટ આબુ ખાતે પર્યાવરણ, પ્રકૃતિ અને વનસ્પતિ પરિચય શિબિરનું આયોજન કરવામાં આવ્યું

કમલમ્,

ડીસાના પ્રસિદ્ધ વૈદ્ય શ્રી જીતુભાઈ પટેલ તથા તેમના ૧૦ જેટલા પ્રકૃતિ પ્રેમી સાથીઓના સહયોગથી ઉત્તર ગુજરાત અરવલ્લી વનસંપદા અને પર્યાવરણ ગ્રુપ દ્વારા "ચાલો પર્વતોની અનમોલ સૃષ્ટિને ઓળખીએ" એવા પ્રેરક સૂત્રને સાર્થક કરતી તાજેતરમાં બે દિવસીય પર્યાવરણ, પ્રકૃતિ અને વનસ્પતિ પરિચય શિબિર તાજેતરમાં માઉન્ટ આબુ ખાતે યોજાઈ હતી. રાજ્યભરમાંથી વિવિધ વ્યવસાયો સાથે સંકળાયેલા આશરે ૭૦ જેટલા પ્રકૃતિપ્રેમીઓએ આ શિબિરમાં હોંશભેર ભાગ લીધો હતો. અરવલ્લી પર્વતમાળાને ધ્યાનમાં રાખીને આ સ્થળને વિશેષ રીતે પસંદ કરવામાં આવ્યું હતું. ગ્રહણ કે માઉન્ટ આબુ વિસ્તાર અનેક દુર્લભ તથા ઔષધીય વનસ્પતિઓથી સમૃદ્ધ વિસ્તાર છે. શિબિર દરમિયાન ભાગીદારોએ જંગલમાં પગપાળા ટ્રેકિંગ કરીને વિવિધ વનસ્પતિ, ઝાડ, પાન અને ઔષધીય જડીબુટ્ટીઓનો પરિચય મેળવ્યો હતો. શિબિરના મુખ્ય આયોજક અને ગ્રુપના અગ્રણી શ્રી વૈદ્ય જીતુભાઈ પટેલે જણાવ્યું હતું કે, "પ્રકૃતિ એ આપણી રાષ્ટ્રીય સંપદા છે.

તેનું જતન અને સંવર્ધન કરવું એ આપણી પ્રાથમિક ફરજ છે. જો અત્યારે આપણે આ સંપદાનું સંરક્ષણ નહીં કરીએ તો ભાવિ પેઢીને આપણે શું જવાબ આપીશું ? આપણી ભાવિ પેઢી માટે આ સંપદાને જીવંત રાખવાનો પ્રયાસ કરવાનો છે. આપણા જંગલો, નદીઓ, વૃક્ષો અને તમામ વનસ્પતિ એ જ આપણી પ્રકૃતિ છે." શિબિરમાં સૌથી વિશેષ અને નૂતન પ્રયોગ તરીકે જંગલને "ટેસ્ટ" આપવાની અનોખી વિભાવના અમલમાં મૂકવામાં આવી હતી. પ્રકૃતિ પ્રેમી શ્રી મુળુભાઈ ડોડીયા અને કિશોરભાઈ લુહાર તરફથી નિઃશુલ્ક મળેલ વિવિધ પ્રકારની વનસ્પતિના કુલ ૨૦૦ કિલો બીજને જંગલ પરિભ્રમણ દરમિયાન છંટકાવ કરવામાં આવ્યાં હતાં. દરેક પ્રકૃતિપ્રેમીને વિવિધ વનસ્પતિના બીજની થેલી આપવામાં આવી હતી અનેચાલતાં-ચાલતાં જ તેને જંગલને અર્પણ કરવામાં આવ્યા હતા. આયોજકોએ જણાવ્યું કે, "જંગલ પાસેથી આપણે ઘણું બધું મેળવીએ છીએ, પરંતુ આપણે તેને પરત કશું આપતા જ નથી. આ પ્રયોગ દ્વારા અમે જંગલને પાછું આપવાનો પ્રયાસ કર્યો છે." આ બીજદાનના પરિણામે ચોમાસાના પાણીથી બીજ ઉગી નીકળશે, જેનાથી તૃણાહારી પશુઓ અને પક્ષીઓને જંગલમાં જ પુષ્કળ ખોરાક મળશે અને તેઓ ખોરાકની શોધમાં શહેરી વિસ્તારો તરફ નહીં આવે. વળી, આ નાની જંગલનો ભેજ જળવાઈ રહેશે અને જમીનનું ધોવાણ પણ અટકશે. આમ, બીજદાન થકી જંગલને વાસ્તવિક "ટેસ્ટ" આપવામાં આવ્યો છે. પર્યાવરણ ઋષિ તરીકે ઓળખાતા વયોવૃદ્ધ (૮૭ વર્ષીય) ઉત્તર ગુજરાતના નવીનભાઈ શાહ (નવીન કાકા) જેઓએ વનસ્પતિ તથા પર્યાવરણ જતન માટે આખું પૂર્ણ સમર્પિત કરેલ છે તેઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને શિબિરાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત સેરેનીટી લાઈબ્રેરી અને બોટનિકલ ગાર્ડન અમદાવાદના વનસ્પતિશાસ્ત્ર અને ઔષધીય જ્ઞાનના વિશેષજ્ઞ (Taxonomist) ડો સંતોષ યાદવ દ્વારા જંગલમાં ઉગતી અનેક વનસ્પતિ, ઔષધીઓ તથા લુપ્તપ્રાય દુર્લભ પ્રજાતિઓ વિશે વિગતવાર અને સચોટ માહિતી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે માઉન્ટ આબુના જંગલમાં વ્યાપક ઔષધીય ગુણો ધરાવતી વનસ્પતિ છે. આ જંગલમાં ૧૨૦૦ જેટલી વનસ્પતિ છે તેમાંથી ૬૦૦/૭૦૦ જેટલા તો મેડિસિન પ્લાન્ટ છે.ભારત દેશમાં અન્ય વિસ્તારમાં ન થતી અમુક દુર્લભ વનસ્પતિ પણ અહીં છે. તેનું કારણ એ છે કે માઉન્ટ આબુ એ વિશ્વનું સૌથી જૂનું માઉન્ટેન છે. આ સાથે જ વનસ્પતિશાસ્ત્રીઓ, ઔષધીય જ્ઞાન ધરાવતા આયુર્વેદાચાર્યો અને પર્યાવરણ સંરક્ષણના અનુભવી નિષ્ણાતો દ્વારા પ્રકૃતિ,પર્યાવરણની સુરક્ષા અને જાળવણી કેવી રીત કરવી? એવિષય પર વ્યાખ્યાન અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. પ્રકૃતિ શિબિરમાં દસ જેટલા આયુર્વેદિક ડોક્ટર્સ તથા નિવૃત ફોરેસ્ટ ઓફિસર તેમજ અન્ય અલગ અલગ ક્ષેત્રમાં કામ કરતા પરંતુ પ્રકૃતિ સાથે કોઈને કોઈ રીતે જોડાયેલા છે.તેવા સભ્યો હાજર રહ્યા હતા. આ શિબિર પ્રકૃતિ સંરક્ષણ અને જાગૃતિની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ છે. ગ્રુપના અન્ય આયોજકો શ્રી રસૂલભાઈ ઘાંચી, શ્રી કિન્નુ શાહ, શ્રી પાર્થ પટેલ, શ્રી નારાયણ ઠક્કર, શ્રી મયંક ચૌહાણ અને શ્રી રોહિત ડોબરિયાએ આવી શિબિરોને વધુ વ્યાપક સ્તરે યોજવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. જેથી યુવાનો અને સામાન્ય નાગરિકોમાં પર્યાવરણ અને વન સંપદા પ્રત્યે જાગૃતિ વધે અને આપણી આગામી પેઢીને સમૃદ્ધ પ્રકૃતિનો વારસો મળે. માઉન્ટઆબુ વિસ્તારમાં ફરજ પર રહેલા રાજસ્થાન વન વિભાગના અધિકારી DFO શ્રી શુભમ જૈન,ACF શ્રી સુમેશ બાલન, ઈ.ઢ્ઢ અને અધિકારીગણ સહ પરિવાર હાજર રહ્યા હતા.

કમલમ્,

માંડવી તાલુકા પંચાયતની ૧૮ બેઠકો માટેફોર્મ ભરવાના અંતિમ દિવસે પદ ફોર્મ ભરાયા તેમજ માંડવી જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો માટે ૧૦ ફોર્મ ભરવામાં આવ્યા હતા. ભારતીય જનતા પાર્ટીના તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતના ઉમેદવારી ફોર્મ ભરવા પ્રસંગે સાંસદ પ્રભુભાઈ વસાવા તથા ધારાસભ્ય કુવરજીભાઈ હળપતિ ઉપસ્થિત રહ્યા સ્થાનિક સ્વરાજ્યની ૨૬ એપ્રિલના રોજ યોજાનાર ચૂંટણી અંગે ફોર્મ ભરવાનું અંતિમ દિવસે ભાજપ કોંગ્રેસ સહિત અન્ય પક્ષો દ્વારા પોતાના સમર્થકો સાથે માંડવી મામલતદાર કચેરી ખાતે તાલુકા પંચાયતની ૧૮ બેઠકો માટે પદ ફોર્મો ભરવામાં આવ્યા હતા જ્યારે જિલ્લા પંચાયતની પંચાયતની ત્રણ બેઠકો માટે પદ ફોર્મો ભરવામાં આવ્યા હતા સાથે સાથે ભરવામાં આવેલ છે. માંડવી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના ઉમેદવારીપત્રો નોંધાવવાપ્રસંગે સાંસદ પ્રભુભાઈ વસાવા તથા ધારાસભ્ય કુવરજીભાઈ હળપતિ તથા સમર્થકો સાથે ઉપસ્થિત રહી ચૂંટણી અધિકારી તરીકે પ્રાંત અધિકારી કૌશિકભાઈ જાદવ તેમજ મામલતદાર જયપ્રકાશ મિસ્ત્રી, તાલુકા વિકાસ અધિકારી આર એસ સોલંકી ને ફોર્મ સુપ્રત કરી ઉમેદવારોને હાર્દિક શુભકામના પાઠવી હતી..

એસ.વી. ઈન્સ્ટિટ્યૂટ કડીમાં Celebration of Success-2026' યોજાયો



કમલમ્,

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, કડી દ્વારા 'Celeb®aion of Success-2026' તેમજ 'Oorja-The Talent Show' નોખભ્ય કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ સંસ્થાના આદરણીય ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અને પ્રમુખશ્રી મણીભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. પ્રસંગે સંસ્થાના ડાયરેક્ટર તથા મેનેજમેન્ટ વિદ્યાશાખાના ડીન ડો. ભાવિન પંડ્યાએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. જેમાં શૈક્ષણિક પરિણામો, રિસર્ચ પ્રવૃત્તિઓ અને પ્લેસમેન્ટની નોંધપાત્ર સિદ્ધિઓ રજૂ કરવામાં આવી હતી. આ વર્ષે સંસ્થાએ ૭૧ કંપનીઓમાં વિદ્યાર્થીઓને રૂપિયા ૯લાખ સુધીના પેકેજ સાથે પ્લેસમેન્ટ અપાવ્યું હતું. MBAમાં ૯૫%અને MBA(Integ®aed)માં ૧૦૦%પરિણામ નોંધાયું હતું તેમજ યુનિવર્સિટી યુવા મહોત્સવમાં સતત બીજી વખત ચેમ્પિયન બની સંસ્થાએ ગૌરવ મેળવ્યું હતું. કાર્યક્રમમાં Dev IT Ltdના સહસ્થાપક અને CEO જયમીનકુમાર આધુનિક ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના વધતા પ્રભાવ અંગે માર્ગદર્શન આપ્યું હતું. Avocab Wires & Cablesના Vice President (Sales) હિમાંશુ બાબારે વેચાણ કૌશલ્યના મહત્વ પર ભાર મૂક્યો હતો. Iskoon Bridgeના ચેતન ચૌહાણે નેટવર્કિંગ અને ફિલ્મ ક્ષેત્રમાં તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું. ગુજરાતી ફિલ્મ 'બહુરૂપીયાં'ના કલાકારો મોલિક ચૌહાણ અને કિંજલ રાજપ્રિયાએ પોતાના અનુભવોથી વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. 'Oorja' ટેલેન્ટ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ગીતકાર-ગાયક જાનકી ગઢવીએ નિર્ણાયક તરીકે હાજરી આપી હતી. આ પ્રસંગે ૧૦ જેટલી પ્રતિષ્ઠિત કંપનીઓ સાથે MOU સાઈન કરવામાં આવ્યા હતા. ઉપરાંત શ્રેષ્ઠ પ્લેસમેન્ટ આપનાર ૧૨ કંપનીઓને 'Best Recruiter Award' તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્યરત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને 'International Excellence Award' એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે પ્રમુખશ્રી મણીભાઈ પટેલે સંસ્થાની સિદ્ધિઓને બિરદાવી સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થા ના સ્ટાફ, વિદ્યાર્થીઓ અને સંચાલક મંડળે નોંધપાત્ર મહેનત કરી હતી.

નર્મદા માં ચૂંટણીનો જંગ તેજ: કેસરીયા પાડામાં ભાજપનું ભવ્ય શક્તિ પ્રદર્શન

કમલમ્,કેવડીયાપાડા,

નર્મદા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈ રાજકીય માહોલ ગરમાયો છે. ખાસ કરીને કેવડીયાપાડા તાલુકામાં આજે ભાજપ દ્વારા ભવ્ય શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મનસુખભાઈ વસાવા ની આગેવાનીમાં હજારો કાર્યકર્તાની હાજરી વચ્ચે ઉમેદવારોએ વિજય મુહૂર્તમાં પોતાના નામાંકન પત્રો દાખલ કર્યા હતા. કેવડીયાપાડા શહેર આજે કેસરીયા રંગે રંગાઈ ગયું હતું. ભાજપના ઉમેદવારો દ્વારા ભવ્ય રેલી કાઢી નામાંકન ભરવા કૂચ કરવામાં આવી હતી. બેન્ડવાજાના તાલે કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, જ્યારે "ભારત માતા કી જય" ના નારા સાથે સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ભાજપ દ્વારા કેવડીયાપાડા તાલુકાની મોરજડી, કેવડીયાપાડા-૧, કેવડીયાપાડા-૨ તથા ચિકદા તાલુકાની ચિકદા અને આંબાવાડી એમ કુલ ૫ જિલ્લા પંચાયત બેઠકો માટે ઉમેદવારી નોંધાવવામાં આવી છે. સાથે જ કેવડીયાપાડાની ૧૮ અને ચિકદા તાલુકાની ૧૬ તાલુકા પંચાયત બેઠકો માટેના ઉમેદવારોએ પણ પોતાના નામાંકન પત્રો જમા કરાવ્યા છે.

- ઉમેદવારોની યાદી મુજબ:
- કેવડીયાપાડા-૧: રિતેશકુમાર વસાવા
- કેવડીયાપાડા-૨: મુક્તિબેન વસાવા
- મોરજડી: કાશીબેન વસાવા
- આંબાવાડી: અશ્વિનભાઈ વસાવા
- ચિકદા: અંબાબેન વસાવા

આ પ્રસંગે જિલ્લા પ્રભારી અર્જુનભાઈ ચૌધરી, પૂર્વ વનમંત્રી મોતીલાલ વસાવા તથા પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શંકરભાઈ વસાવા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ઉમેદવારોને જીત માટે શુભેચ્છા પાઠવી હતી. ભાજપના નેતાઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે વિકાસના કાર્યોના આધારે જનતા ફરી એકવાર ભાજપને બહુમતી આપશે અને તમામ બેઠકો પર ભવ્ય વિજય પ્રાપ્ત થશે. બીજી તરફ, આ શક્તિ પ્રદર્શનને કારણે વિરોધ પક્ષોમાં ચિંતા વ્યાપી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બહેતી પરિવાર દ્વારા માતૃશ્રીની પુણ્યતિથિ નિમિત્તે આધુનિક હાઈડ્રોલિક સ્ટ્રેચરનું દાન

કમલમ્,

GMERS મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ ગાંધીનગરના મેડિકલ I.C.C.U માં એક પરિવાર દ્વારા એમના માતૃશ્રીની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે બે આધુનિક મલ્ટીફંકશનલ હાઈડ્રોલિક યુક્ત સ્ટ્રેચરનું દર્દીઓ માટે દાન કરવામાં આવ્યું. મૂળ ભમ રાજસ્થાનના નાપાસર નિવાસી બહેતી પરિવારના પરમ આદરણીય વડીલ શ્રી હરી બહેતીના ધર્મપત્ની સ્વ. પુષાદેવી બહેતીની પુણ્યતિથિ નિમિત્તે એમના પારિવારિક સભ્યો શ્રી શૌર્ય બહેતી (પુત્ર), શ્રીમતી અંકિતા શૌર્ય બહેતી (પુત્રવધુ), શ્રીમતી દીશા આશિષજી કારનાની (પુત્રી), દિવ્ય બહેતી (પુત્રી), કાવ્ય બહેતી (પૌત્રી) અને લક્ષ્ય કારનાની (દોહિત્ર) દ્વારા એક ઉમદા અને અનુકરણીય સમાજોપયોગી કાર્ય કરવામાં આવ્યું. સામાન્ય રીતે પુણ્યતિથિ પર હોસ્પિટલના દર્દીઓ માટે ફળફળાદી, નાસ્તા કે જમવા જેવી થોડા સમય માટે લાભદાયક પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય છે, પણ આ પરિવાર દ્વારા કાયમ માટે દર્દીઓના કામમાં આવી શકે એવી વસ્તુનું દાન કરવાનો વિચાર સમાજના બીજા દાતાઓ માટે પણ અનુકરણીય અને આવકારદાયક ચોક્કસ કહી શકાય. હોસ્પિટલ તરફથી ડો. મીના પરીખ મેડમ (મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ) તથા ડો. શશી મુદ્રાસર (મેડીસીન વિભાગના યુનિટ વડા) એ I.C.C.U સ્ટાફ સહિત ઉપસ્થિત રહીઆ પરિવાર વતી આપવામાં આવેલ ઘન સ્વીકારી હૃદયથી અભિનંદનની લાગણી સાથે બહેતી પરિવારનું ઋણ સ્વીકાર્યું હતું. આ સાકલ્ય ગાથા સમાજમાં સેવાકીય કાર્યો માટે નવી રાહ ચીંધશે.

સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં કોંગ્રેસના બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓએ કેસરિયો ધારણ કર્યો

રાજકોટ તાલુકા કોંગ્રેસ પ્રમુખ નીશીતભાઈ ખુંટ સહિતના કાર્યકર્તાઓને જીલ્લા ભાજપ પ્રભારીશ્રી ભરતભાઈ આર્ય અને જીલ્લા અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયાએ કેસરીયો ખેસ અને કેસરી ટોપી પહેરાવી ભાજપમાં પ્રવેશ કરાવ્યો

કોંગ્રેસના શાસનમાં નેહરુ પરિવારવાદ ચલાવીને કૌભાંડો આચરીને દેશને અંધકારમયાં યુગમાં ધકેલીયો છે : અલ્પેશભાઈ ઢોલરીયા.

કમલમ્,

ભાજપાના શાસનમાં ગરીબોના હક અને હિસ્સાઓ અને સહાયો સીધા તેમના બેંક ખાતામાં મળતા થયા છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સહિત દેશભરમાં ચોતરફ વિકાસ હરણફાળ ભરી રહ્યાં છે.

દેશના વિકાસમાં સહભાગી બનવા અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત કરવા રાજકોટ તાલુકાના કોંગ્રેસના પ્રમુખશ્રી નીશીતભાઈ ખુંટની આગેવાનીમાં રાજકોટ તાલુકાના કોંગ્રેસના બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓએ શ્રી કમલમ, રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે રાજકોટ જીલ્લા ભાજપના પ્રભારીશ્રી ભરતભાઈ આર્ય, જીલ્લા ભાજપ અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયાના અધ્યક્ષ સ્થાને તથા જીલ્લા મહા મંત્રીશ્રી નરેન્દ્રસિંહ જાડેજાની વિશેષ ઉપસ્થિતિમાં કોંગ્રેસના મુખ્ય હોદેદારો સહિત બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓને ભાજપની કેસરિયો ખેસ અને કેસરી ટોપી પહેરાવીને ભાજપ પરિવારમા પ્રવેશ કરાવ્યો હતો. જીલ્લા પ્રભારીશ્રી ભરતભાઈ આર્ય, જીલ્લા અધ્યક્ષ શ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રીશ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ રાજકોટ તાલુકા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓને કેસરિયો ખેસ અને કેશરી ટોપી પહેરાવી સહુને આવકારીને અભિનંદન આપતા કહ્યું હતું કે, કોંગ્રેસના કાર્યકર્તાઓ કોંગ્રેસની નકારાત્મક ભૂમિકાને તેમજ પરિવારવાદની રાજનીતિને ઓળખી ચૂકી છે, નહેરુવાદ કોંગ્રેસ ક્યારેય દેશનું ભલું કરી શકે તેમ નથી. કોંગ્રેસના શાસનમાં કૌભાંડોની હારમાળાઓ સર્જને દેશને આર્થિક નુકશાની આપીને દેશને અંધકાર ભર્યા યુગમાં ધકેલી નાખ્યો હતો.

કોંગ્રેસની ચંડાલ ચોકડીએ દેશને લૂંટવાનું જ કામ કર્યું છે. જ્ઞાતિવાદ અને જાતિવાદની રાજનીતિ કરીને દેશમાં ભાગલાની રાજનીતિ કરીને દેશને ખોખલો કરી નાખ્યો છે. ભારતીય જનતા પાર્ટી જ્ઞાતિવાદ કે જાતિવાદ નહીં રાષ્ટ્રવાદની વિચારધારા ધરાવે છે. જેને કારણે દેશમાં તમામ ક્ષેત્રે ખૂબ વિકાસ થયો છે. ભાજપના શાસનમાં તમામ જરૂરિયાતમંદ તેમજ ગરીબોને સરકારશ્રીની સહાયો, યુવાનોને રોજગારી, ખેડૂતોને નિયમિત સમયે વીજળી પાણી, ગ્રામ્ય સ્તરે રોડ રસ્તા, બહેનોને આર્થિક રીતે પગભર કરવા આર્થિક સહાયો પૂરી પાડી સમાજના તમામ વર્ગોને આત્મનિર્ભર બનાવવામાં સરકારે સહાયો પૂરી પાડી છે. દેશના વિકાસને જોઈને કોંગ્રેસના આગેવાનો તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીમાં વિશ્વાસ મૂકીને ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા તે બદલ તે સર્વેને આવકારીને અભિનંદન પાઠવ્યા હતા. જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખશ્રી ભૂપતભાઈ બોદર, રાજકોટ યાર્ડ ચેરમેનશ્રી જયેશભાઈ બોઘરા, જીલ્લા યુવા મોરચા પ્રમુખશ્રી દેવાભાઈ કોરડીયા, રાજકોટ તાલુકા ભાજપ પ્રમુખશ્રી કેયુરભાઈ ઢોલરીયા, શ્રી સંજયભાઈ રાણોણી, શ્રી નીતિનભાઈ ઢાંકેચા સહીતના આગેવાનોની ઉપસ્થિતિમાં કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાનાર આગેવાનમાં રાજકોટ તાલુકા કોંગ્રેસ પ્રમુખ નીશીતભાઈ ખુંટ, કન્તુરભાઇ તાલુકા પંચાયતના ઉમેદવાર ભૂમિકાબેન નીશીતભાઈ ખુંટ, સરધાર જીલ્લા પંચાયત કોંગ્રેસના ઉમેદવાર દિલીપભાઈ રામજીભાઈ ઢાંકેચા, સરધાર તાલુકા પંચાયતના કોંગ્રેસના ઉમેદવાર હીનાબેન કિશોરભાઈ ગુંદાસરા, રાજકોટ તાલુકા કોંગ્રેસ ઉપપ્રમુખ ક્લ્પેશભાઈ સોલકી, રાજકોટ તાલુકા કોંગ્રેસ મંત્રી યોગેશભાઈ રૈયાણી, રાજકોટ તાલુકા કોંગ્રેસ મહામંત્રી શિવરાજસિંહ જાદવ, રાજકોટ તાલુકા કોંગ્રેસ આગેવાન ભાવેશભાઈ પીઠવા, રાજકોટ તાલુકા કોંગ્રેસ યુવા આગેવાન હર્ષભાઈ સાપરા, સરધારના કોંગ્રેસના મુસ્લિમ આગેવાન યુસુફભાઈ જુનેજા સહીત ના આગેવાનો ભાજપનો ખેસ ધારણ કરી વિધિવત ભાજપમાં જોડાયા હતા. તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા ઈન્ચાર્જશ્રી રાજેશભાઈ ગોંડલીયા, સહ-ઈન્ચાર્જ શ્રી પ્રકાશભાઈ સોલંકી, શ્રી કુલદીપસિંહ જાડેજાની યાદીમાં જણાવેલ છે.

કમલમ્,

તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયત તેમજ નગરપાલિકાના ભારતીય જનતા પાર્ટીના તમામ ઉમેદવારશ્રીઓએ ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ની ઉપસ્થિતિમાં વિધિવત રીતે ઉમેદવારી નોંધાવી. તેમજ મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં જોડાયા અને વિજય સંકલ્પ રેલી સ્વરૂપે ઉત્સાહભેર ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યું, જેમાં કાર્યકર્તાઓમાં વિશેષ ઉમંગ અને ઉત્સાહ જોવા મળ્યો. આ પ્રસંગે તમામ ઉમેદવારશ્રીઓ, જિલ્લા તથા તાલુકા ના હોદેદારશ્રીઓ તેમજ તાલુકા અને જિલ્લા પંચાયત તેમજ નગરપાલિકાના તમામ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

કમલમ્,

સિદ્ધપુર શહેર ના ભીમ ચોક ખાતે ભારતના મહાન વિચારક, સમાજ સુધારક અને ભારતીય બંધારણના શિલ્પી ડો. ભીમરાવ આંબેડકર સાહેબની પ્રતિમાનું અનાવરણ કરવાનો ગૌરવપૂર્ણ અવસર મળ્યો. આ પ્રસંગે ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી. બાબા સાહેબ આંબેડકર જીવનું સમગ્ર જીવન સમાજના પીડિત, શોષિત અને વંચિત વર્ગોના ઉદ્ધાર માટે સમર્પિત રહ્યું હતું. તેમણે સમાનતા, ન્યાય અને માનવ અધિકારો માટે અવિરત સંઘર્ષ કર્યો અને દેશને એક મજબૂત તથા સમાનતામૂલ બંધારણ આપ્યું, તેમના વિચારો અને આદર્શો આજે પણ લાખો લોકો માટે પ્રેરણાસ્રોત બની રહ્યા છે. તેમની પ્રતિમાનું અનાવરણ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ તેમના વિચારોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ છે. આવો, આપણે સૌ મળીને બાબા સાહેબના દર્શાવેલા માર્ગ પર ચાલી સમાજમાં સમાનતા, એકતા અને વિકાસ માટે કાર્ય કરીએ — એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે. આ પ્રસંગે શ્રી હરેશ કાકા, શ્રી ગૌતમ ભાઈ (ગોવા ભાઈ), શ્રી ભાવેશભાઈ રાજગુરુ, શ્રી અંકુરભાઈ, શ્રી રણજીતસિંહ, શ્રી ધર્મેન્દ્રભાઈ, નિરંજનભાઇ ઠાકર, શ્રી રાજુભાઈ ચાવડા, સામાજિક આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદની શાળાઓમાં યોજાયેલા લોકશાહીના ઉત્સવમાં 'સ્વેપ' અંતર્ગત મતદાન જાગૃતિનો પ્રયાસ

સાબરમતી વિસ્તારમાં વિદ્યાર્થીઓએ ચિત્રકામ, નિબંધ લેખન અને પોસ્ટર મેકિંગ દ્વારા 'શિક્ષિત મતદાતા, સચેત મતદાતા'ના સૂત્રને સાર્થક કર્યું

ભવ્ય રેલી અને પદયાત્રા દ્વારા વિદ્યાર્થીઓએ સ્થાનિક રહીશોને મતદાનના પવિત્ર કાર્યમાં સહભાગી થવા અપીલ કરી

કમલમ્,
અમદાવાદના નાગરિકોમાં મતદાનપ્રત્યે જાગૃતિ લાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા એક પ્રેરણાદાયી અભિયાન છેડવામાં આવ્યું છે. જિલ્લા શિક્ષણાધિકારી અને નોડલ અધિકારી શ્રી આર. એમ. ચૌધરીના માર્ગદર્શનહેઠળ, નગરપ્રાથમિકશિક્ષણ સમિતિ અને જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા સંયુક્તપણે 'સ્વેપ' (SVAP) અભિયાનને વેગવંતુ બનાવવામાં આવ્યું છે. આગામી ૨૬ અપ્રિલના રોજ યોજાનાર મતદાનમાં શહેરનો એક પણ મતદાર બાકીન રહીજાય તેવા ઉમદા હેતુ સાથે શહેરની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ એકસૂત્રે આ અભિયાનમાં જોડાયા હતા. શહેરના સાબરમતી વિસ્તારની આદર્શ વિદ્યાવિહાર અને સેન્ટ એન્સ હાઈસ્કૂલ સહિતની અનેક શાળાઓમાં સર્જનાત્મક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ચિત્રકામ, નિબંધ લેખન અને પોસ્ટર મેકિંગ દ્વારા 'શિક્ષિત મતદાતા, સચેત મતદાતા'ના સૂત્રને સાર્થક કર્યું હતું. આ ઉપરાંત, ભવ્ય રેલી અને પદયાત્રા દ્વારા વિદ્યાર્થીઓએ હાથમાં પ્લેકાર્ડસ લઈ શેરીએ-શેરીએ ફરી સ્થાનિક રહીશોને લોકશાહીના આ પવિત્ર કાર્યમાં સહભાગી થવા અપીલ કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી પણ મતદાનનો પ્રચાર તેજ કરવામાં આવ્યો છે. આ અભિયાનની સૌથી નોંધપાત્ર બાબત એ રહી કે દ્વિતીય સત્રાંત કસોટીના અભ્યાસક્રમ કે સમયપત્રકને કોઈ પણ જાતની અડચણ ન પડે તે રીતે તમામ પ્રવૃત્તિઓનું સુચારુ સંચાલન કરવામાં આવ્યું છે. અમદાવાદની તમામ શાળાઓમાં આજે એક વિશેષ કાર્યક્રમ અંતર્ગત તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ સમૂહમાં મતદાનના શપથ લીધા હતા. સૌએ ૧૦૦% મતદાન કરવા અને અન્ય નાગરિકોને મતદાન કરવા માટે પ્રેરણા આપવાનો સંકલ્પ કર્યો હતો.

આ અભિયાન દ્વારા શિક્ષણ વિભાગે સંદેશ આપ્યો હતો કે શાળા એ માત્ર શિક્ષણનું કેન્દ્ર નથી, પરંતુ સશક્ત રાષ્ટ્ર નિર્માણની પાઠશાળા પણ છે.

કમલમ્,રાકેશ વાળા,

વ્યારા નગરપાલિકાના વોર્ડ નંબર ૦૫ માં ભારતીય જનતા પાર્ટીના ચારેય ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા એ ખૂબ જ ગૌરવપૂર્ણ અને મોટી સિદ્ધિ છે, આ વિજય વોર્ડના આગેવાન કાર્યકર્તાઓની મહેનત અને લોકોના અતૂટ વિશ્વાસનું પ્રતીક છે. આ ભવ્ય જીત બદલ તમામ વિજેતા ઉમેદવારો તથા વોર્ડના સમાનનીય મતદાતાઓનો ખૂબ ખૂબ અભિનંદન અને આગામી કાર્યકાળ માટે અનેકગણી શુભેચ્છા.

કમલમ્,વિસનગર

નૂતન કોલેજ ઓફ નર્સિંગ, સાંકણધંદ યુનિવર્સિટી, વિસનગર દ્વારા ૧૧ એપ્રિલ ૨૦૨૬ ના રોજવિશ્વ પાર્કિન્સન દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ નુ આયોજન બપોરે ૧૧ કલાક દરમિયાન છઠ્ઠા સેમીસ્ટર ના બાળકો એ નાટક ભજવીને દર્દીને પાર્કિન્સન દિવસ વિશે સમજાવ્યું હતુ. "Bridge the Care Gap."પર નાટક ભજવીને દર્દી અને તેમના સગાને પાર્કિન્સન દિવસ વિશે સમજણ આપી.તેમણે પ્રગતિશીલ, ન્યુરોડિજનરેટિવ મૂવમેન્ટ ડિસઓર્ડર જે ત્યારે થાય છે જ્યારે મગજમાં ચેતા કોષો મૃત્યુ પામે છે,અથવા ક્ષતિગ્રસ્ત થાય છે. જેનાથી ડોપામાઈનનું સ્તર ઘટે છે તેના વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.. ડો. એન. શિવાસુબ્રમણ્યમ(રીન) વાઈસ પ્રિન્સીપાલ શ્રીમતી ડૉ.મહાલક્ષ્મી, અનેફેકલ્ટી ઓફ નર્સિંગ ના હસ્તકે આ નાટક નુંઆયોજન કરવામાં આવ્યુંહતું. નૂતન કોલેજ ઓફ નર્સિંગના એસોસિએટપ્રોફેસર આઈવિન મનોજ, આસિસ્ટન્ટ પ્રોફેસર જીનલ પટેલ, નર્સિંગટ્યૂટર એસ્વી પટેલ, જાનવી પટેલ અને અન્યસ્ટાફ હાજર રહ્યા હતા.કાર્યક્રમ જે બદલ સાંકળચંદ પુનિવર્સિટી ના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો. પી. એમ. ઉદાણી,નૂતન કોલેજ ઓફ નર્સિંગ ના પ્રિન્સિપાલ ડો. શિવાસુબ્રમણ્યમ, વાઈસ પ્રિન્સીપાલ ડો. મહાલક્ષ્મી તથા આસિસ્ટન્ટ પ્રોફેસર જીનલ પટેલ તેમજ તમામ ફેકલ્ટીએ વિદ્યાર્થી ઓ નેપ્રોત્સાહિત કર્યા હતા.

કચ્છસ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાટેભાજપના તમામઉમેદવારોએ કાર્યકરોસાથે ઉત્સાહપૂર્વક રંગેચંગે નામાંકન પત્રો ભર્યા.

ભ્રામક વાતો અને જુઠ્ઠાણાઓ ફેલાવનારી કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને આજરોજ નામાંકન પત્ર દર્જ કરાવવાના અંતિમ સમય સુધી કચ્છમાં પૂરતા ઉમેદવારો પણ ગોત્યા નથી જડ્યા — દેવજીભાઈ વરચંદ

કમલમ્,

ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્થાનિકસ્વરાજ્ય સંસ્થાઓમાટે ઉમેદવારોની યાદીબહાર પાડતાની સાથે જ સમગ્ર જીલ્લા ભાજપ સંગઠન કામે લાગી ગયું હતું જેમાં જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદની આગેવાનીમાં જિલ્લા ભાજપના હોદેદારો, તમામ મંડળના આગેવાનો તેમજ ભાજપ લીગલ ટીમ સહિત કાર્યકર્તાઓએ જબ્બરદસ્ત સંગઠન શક્તિ દર્શાવીને તમામ ઉમેદવારોના ફોર્મ ભરવાની માંડીને મેન્ડેટપહોંચાડવા સુધીની વ્યવસ્થા અને તૈયારીઓ માંડી રાત સુધીમાં સુપેરે પાર પડે તે રીતનું જડબેસલાક આયોજન કરી લેવામાં આવ્યું હતું. આ ઉપરાંત આજરોજ ફોર્મ ભરવાના દિવસે દરેક મંડળોમાં જિલ્લા આગેવાનો, પ્રભારીઓ જે તે મંડલોમાં જઈને ઉમેદવારોના ફોર્મ રજૂકરતી વખતે સાથે રહ્યા હતા અને પ્રોત્સાહિત કરી ઉત્સાહ વધાર્યું હતો. ફોર્મ ભરતી વખતે દરેકજગ્યાએ જાણે ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો. સાથે સાથે સોનામાં સુગંધ ભળે તેમ વિવિધ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં આજેભાજપના ઘણા ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા જેથી આગેવાનો અને કાર્યકરો સહિત કચ્છ જીલ્લા ભાજપ પરિવારનો ઉત્સાહ બુલંદીએ દેખાયો હતો. આજ રોજ માંડવી તાલુકા પંચાયતમાં એક બેઠક, ભુજ નગરપાલિકામાં પાંચ બેઠક, અંજાર નગરપાલિકામાં બેબેઠક, નખત્રાણા નગરપાલિકામાં બે બેઠક અત્યાર સુધી બિનહરીફ થઈ ચુકી હોવાથી વિરોધી છાવણીમાં ચૂનાવી જંગપહેલાં જ સોંપોપડી ગયો છે અને તેઓ તદ્દન હતપ્રભ અવસ્થામાં દેખાઈ રહ્યા છે. જિલ્લા ભાજપઅધ્યક્ષ દેવજીભાઈ વરચંદે તમામ ઉમેદવારોને શુભેચ્છા પાઠવતા જણાવ્યુ હતું કે યાદી બહાર પડ્યા બાદ ગણતરીના કલાકોમાં તમામ આગેવાનો કાર્યકરોએ સાથે મળીને સંગઠન શક્તિની તાકત દર્શાવીને જરૂરી તમામપ્રક્રિયાઓ સુપેરે પાર પાડી છે જે બદલ સમગ્ર ટીમ અભિનંદનને હક્કદાર છે. આગામી દિવસોમાં આ જ સંગઠનશક્તિના ભરોસેજ જિલ્લા પંચાયત તેમજ તમામ તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય ઐતિહાસિક વિજય થશે એવો દૃઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. હજુ પણ આગામી એક બે દિવસમાં વધુ બેઠકો બિનહરીફ થઈ શકશે એવો આશાવાદ પણ તેમણેવ્યક્ત કર્યો હતો. જિલ્લા ભાજપ મહામંત્રીઓ પેથલભાઈ આચાર્ય, હિતેશભાઈ ખંડોર, ભીમજીભાઈ જોધાણી સહિત જિલ્લા ભાજપ હોદેદારોએ અને સમગ્ર કચ્છજિલ્લા ભાજપ ટીમ એકઅભૂતપૂર્વ વિજય માટે તત્પર હોવાનું કચ્છજિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવી તેમજ સહ ઈન્ચાર્જ ચેતનભાઈ કતીરાની યાદીમાં જણાવાયુંહતું.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે બીજા ટીબીએમનું એસેમ્બલીંગ સાવલી ખાતેશરૂથશે

કમલમ્,

બીજાટનલ બોરિંગ મશીન (ટીબીએમ)નું એસેમ્બલીંગ મુંબઈના સાવલી (ઘાંસોલી નજીક) ખાતે શરૂ થયું છે, જે જમીન નીચે આશરે ૩૮ મીટર છે. આ ટીબીએમ સાવલીથી વિકોલી તરફ તેની યાત્રા શરૂ કરશે. આજે, ૧૯૦ મેટ્રિક ટન વજન ધરાવતી ગેન્ટ્રી નીચે ઉતારવામાં આવી હતી. તે ૧૮ મીટર લાંબી, ૧૦ મીટર પહોળી અને ૯ મીટર ઊંચી છે. બંને ટીબીએમમાં કુલ ચાર ગેન્ટ્રી હશે, જે મુખ્ય શીલ્ડ એસેમ્બલી અને કટરહેડ સાથે જોડાયેલ હશે. આ ગેન્ટ્રીઓ પૂર્ણ થયેલ ટનલ દરમ્યાન ટીબીએમ સાથે ફરશે, જે ખોદકામ, વોટરપ્રૂફિંગ અને ટનલ લાઈનિંગ સેગમેન્ટ્સના ઈન્સ્ટોલેશન જેવા આવશ્યક કાર્યોમાં મદદ કરશે. સાવલી શાફ્ટમાં મર્યાદિત જગ્યાને કારણે, જમીન નીચે ૩૮ મીટર ટીબીએમનું એસેમ્બલીંગ કાળજીપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ટીબીએમનું પ્રારંભિક અભિયાન જુલાઈ ૨૦૨૬ માં શરૂ થવાની ધારણા છે.

અમદાવાદના આંગણે યોજાશે એશિયાઈ વોલીબૉલનો મહાકુંભ

વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આગામી તા. ૨૦થી ૨૮ જૂન, ૨૦૨૬ દરમિયાન યોજાશે 'છક્કા મેન્સ કપ-૨૦૨૬'

પ્રતિભાગી ટીમોનું પૂલ કમ્પોઝિશન સંપન્નઃ ભારત સહિત ૧૨ દેશોની ટીમો વચ્ચે કુલ ૩૮ મેચ રમાશે

અમદાવાદના નારણપુરા સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આગામી તા. ૨૦થી ૨૮ જૂન દરમિયાન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (SAG) અને એશિયન વોલીબૉલ કન્ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે AVC મેન્સ કપ-૨૦૨૬નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં કુલ ૧૨ દેશોની ટીમો વચ્ચે નવ દિવસ દરમિયાન કુલ ૩૮ મેચ રમશે. જે અંતર્ગત, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને એશિયન વોલીબૉલ કન્ફેડરેશનના અધિકારીઓ દ્વારા ટૂર્નામેન્ટમાં ભાગ લેનારી ટીમોનું ગ્રૂપવિભાજન (પૂલ કમ્પોઝિશન) અનેતેમની સ્પર્ધાત્મક રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. આ સંદર્ભે ટૂર્નામેન્ટની તૈયારીઓ, યજમાની માટેની સજ્જતા અને અમદાવાદમાં આ પ્રકારની મોટી આંતરરાષ્ટ્રીય ઈવેન્ટના મહત્ત્વ વિશે વિગતવાર માહિતી આપતાં જીએસએ સહાયક નિયામક સુશ્રી નિલોફર શેખ જણાવ્યું કે આગામી આ ટૂર્નામેન્ટનો હેતુ માત્ર સ્પર્ધા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે આંતરરાષ્ટ્રીય મિત્રતા, સાંસ્કૃતિક વિનિમય અને પ્રાદેશિક સહયોગને પ્રોત્સાહન આપવાનો પણ છે. તેમણે ઉમેર્યું કે રાજ્ય સરકાર અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યમાં વિશ્વસ્તરીય રમતગમતની સ્પર્ધાઓનું આયોજન થકી ખેલાડીઓ અને ચાહકોમાં વોલીબૉલ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની પ્રતિષ્ઠા વધારવાનો છે. વર્ષ-૨૦૩૦માં અમદાવાદમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ પૂર્વેઆ ટૂર્નામેન્ટનું આયોજનથી રમતવીરોને પ્રોત્સાહન પણ મળી રહેશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. આ અંગે એશિયન વોલીબૉલ કન્ફેડરેશન (AVC)ના અધ્યક્ષ રેમન સુઝારાએ જણાવ્યું કે આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ એશિયામાં મેન્સ વોલીબૉલની શ્રેષ્ઠતાનું પ્રદર્શન કરવાની સાથે આ રમતને આંતરરાષ્ટ્રીય સ્તરે નવાં શિખરો પર લઈ જશે. આ ક્રાર્યક્રમનું આયોજન એશિયન વોલીબૉલ કન્ફેડરેશન દ્વારા વોલીબૉલ ફેડરેશન ઑફ ઈન્ડિયા અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાતના સહયોગથી કરવામાં આવ્યું છે. આ આયોજનથી વોલીબૉલના ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળશે તેમ તેમણે ઉમેર્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ ટૂર્નામેન્ટમાં યજમાન ભારતીય ટીમ ઉપરાંત આ સ્ટેલિયા, બહરિન, ઈન્ડોનેશિયા, કઝાકિસ્તાન, ક્રોશિયા, ન્યૂઝિલેન્ડ, ઓમાન, પાકિસ્તાન, કતાર, ચાઈનીઝ તાઈપેઈ અને થાઈલેન્ડ સહિત કુલ ૧૨ દેશોની ટીમો ભાગ લેશે.

આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ સંદર્ભે ચૂંટણી ખર્ચ દેખરેખ અંગે અધિકારીઓનું તાલીમ સત્ર યોજાયું

કલેક્ટર શ્રી રવીન્દ્ર ખતાલેની અધ્યક્ષતામાં યોજાયેલી તાલીમમાં અધિકારીઓને અપાયું વિસ્તૃત માર્ગદર્શન

કમલમ્,ગાંધીનગર,

આગામી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને પારદર્શક વાતાવરણમાં યોજાય તે હેતુથી ગાંધીનગર જિલ્લા પ્રશાસન દ્વારા સઘન તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આ તૈયારીઓના ભાગરૂપે આજે કલેક્ટર કચેરીના વિડીયો કોન્ફરન્સ રૂમ ખાતે ચૂંટણી લડતા ઉમેદવારોના ખર્ચની ચકાસણી માટે નિયુક્ત કરવામાં આવેલા અધિકારીઓ અને કર્મચારીઓ માટે એક વિશેષ તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ સત્રમાં જિલ્લા કલેક્ટર શ્રી રવીન્દ્ર ખતાલે અને અધિક નિવાસી કલેક્ટર શ્રી નિશા શર્મા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, ચૂંટણી પ્રક્રિયામાં ઉમેદવારોના ખર્ચ પર દેખરેખ રાખવી એ અત્યંત જવાબદારીપૂર્વકનું કાર્ય છે. તેમણે ઉમેર્યું હતું કે, ચૂંટણી પંચના દિશાનિર્દેશો મુજબ દરેક ઉમેદવારના ખર્ચની સચોટ દેખરેખ માટે તમામ નિયુક્ત અધિકારીઓ માટેની તાલીમ કળદાયી રહ્યો અને તાલીમ દરમિયાન કોઈ પણ મૂંઝવણ ઉદભવે તો તે વિશે વિસ્તૃત સમજણ મેળવી તેની સ્પષ્ટતા કરવાથી ચૂંટણીની કામગીરી ઉત્તમ રીતે કરી શકાશે. આ તાલીમમાં વિવિધ સ્તરની ચૂંટણીઓ માટે નક્કી કરવામાં આવેલી ખર્ચની મર્યાદા અંગે સમજૂતી આપવામાં આવી હતી. ઉમેદવારો દ્વારા કરવામાં આવતા રોકડ અને અન્ય ખર્ચની વિગતો કઈ રીતે નોંધવી તેની પ્રેક્ટિકલ તાલીમ અપાઈ હતી. સત્તાવાર ખર્ચ અને વાસ્તવિક ખર્ચ વચ્ચેના તફાવતને ચકાસવાની પદ્ધતિઓ વિશે માર્ગદર્શન અપાયું હતું તથા આદર્શ આચારસંહિતાના ભંગ બદલ ખર્ચના નિયમો હેઠળ કયા પ્રકારની કાર્યવાહી થઈ શકે તે અંગે વિગતવાર માહિતી આપી હતી. તાલીમ દરમિયાન ઉપસ્થિત અધિકારીઓના પ્રશ્નો અને મૂંઝવણોનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ સહિત ચૂંટણી કામગીરી સાથે જોડાયેલા વિવિધ વિભાગના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢની બહાઉદ્દીન આર્ટ્સ કૉલેજના મદદનીશ પ્રાધ્યાપક એન.સી.સી.ના લેફ્ટનન્ટ બન્યા : નાગપુર ખાતે પ્રી-કમિશન તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી

કોલેજના NCC કેડેટ્સને નવું માર્ગદર્શન અને જોમ મળશે

કમલમ્,જૂનાગઢ

જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન આર્ટ્સ કૉલેજના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. રાજીવ ડાંગરએ તાજેતરમાં ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમી (ઓ.ટી.એ.), કોમ્પટી (નાગપુર) ખાતે નેશનલ કેડેટ કોર્પ્સ (એન.સી.સી) ની કઠિન ગણાતી 'પ્રી-કમિશન' (પીઆરસીએન) તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી 'લેફ્ટનન્ટ' રેંકમેળવ્યો છે. ત્રણ મહિનાની આ સઘન તાલીમ પૂર્ણ કરી કૉલેજ પરત ફરતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્રણ મહિનાની આ કઠિનતાલીમ દરમિયાન ડૉ. રાજીવ ડાંગરએ લશ્કરી શિસ્ત, ડ્રિલ, શસ્ત્ર તાલીમ (વિપન ટ્રેનિંગ), મેપરીડિંગ, ડ્રોન, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, પર્સનાલિટી ડેવલપમેન્ટ અને નેતૃત્વ જેવા વિવિધ વિષયોમાં નિપુણતા મેળવી છે. ઓ.ટી.એ., કોમ્પટી (નાગપુર) ખાતે તેમના અનુકરણીય સમર્પણ, અતૂટ પ્રતિબદ્ધતા અને વિશિષ્ટ સેવા બદલ લેફ્ટનન્ટ કર્નલ દ્વારા તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી ડૉ. જે.આર.વાંઝાએ જણાવ્યું હતું કે, લેફ્ટનન્ટ ડૉ. રાજીવ ડાંગર દ્વારા મેળવવામાં આવેલી આ તાલીમથી કૉલેજના NCC કેડેટ્સને નવું માર્ગદર્શન અને જોમ મળશે. તેમની આ સિદ્ધિ બદલ સમગ્ર કૉલેજ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.



•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028